# તો સારી વાત છે

કોઈની થોડી શરમ રાખો તો સારી વાત છે.
ને બધો બાંધ્યો ભરમ રાખો તો સારી વાત છે.

સાવ નિર્લજ થઈ જવું એ આપને શોભે નહીં,
કંઈક પરદાનો ભરમ રાખો તો સારી વાત છે.[1]

ગેરરસ્તે કોઈને દોરી જવું સારું નથી,
પાસ પોતાનાં કરમ રાખો તો સારી વાત છે.[2]

કોઈને ઉપદેશ દેવામાં કશું વળશે નહિ,
દિલ મહીં દયરો-હરમ રાખો તો સારી વાત છે.[3]

સર્વની માફક તમે 'નાઝિર'ને પણ ન માનશો,
કો'કની જો શેહ-શરમ રાખો તો સારી વાત છે.[4]

◈

સંસાર સુધી આવવું એ મારો હક હતો,
તુજ દ્વાર સુધી આવવું એ મારો હક હતો.

દીદાર આપવાને ભલા! કોઈ રીતથી,
દીવાર સુધી આવવું એ મારો હક હતો.

---

*1 કંઈક જો માનવ ધરમ રાખો તો સારી વાત છે. (સંગ્રહિત)*
*2 વાત પોતાની મભમ રાખો તો સારી વાત છે. (સંગ્રહિત)*
*3 સાવ નાસ્તિક થઈ જવાનો અર્થ કંઈ રહેતો નથી,*
*દૃષ્ટિમાં દયરો-હરમ રાખો તો સારી વાત છે. (સંગ્રહિત)*
*4 સાવ બસ બેફામ 'નાઝિર!' બોલવું સારું નથી. (સંગ્રહિત)*

# ભારે કરી

ખત-ખબર વિણ એમણે આવી અને ભારી કરી,
એન મોકે મુજને અજમાવી અને ભારે કરી.

માંડ રૂઝાયાં હતાં કોઈ યાદનાં મીઠાં ઝખમ,
ત્યાં તમે ભૂતકાળ ઉથલાવી અને ભારે કરી.

જામતો'તો મેળ મનનો, શી હતી મંગલ ઘડી,
ત્યાં તમોએ બાજી બદલાવી અને ભારે કરી.[1]

જ્યાં હજુ તો માંડ બિડાતી હતી મુજ આંખડી,
ત્યાં તમે ઉર-દ્વાર ખખડાવી અને ભારે કરી.

જેમના ઉપકારથી 'નાઝિર!' સદા વંચિત રહ્યો,
મોત ટાણે એણે બિરદાવી અને ભારે કરી.

◈

પ્રેમ-સૌરભ આપે પ્રસરાવી અને ભારે કરી!
મન-ભ્રમરને પાછો ભરમાવી અને ભારે કરી!

જ્યાં હજુ તો માંડ જંપ્યા'તા કરારો દિલ મહીં,
તેં કરમ તારા ત્યાં વરસાવી અને ભારે કરી!

જ્યાં લુંટારાઓની વસ્તી ઘર કરી બેઠી હતી,
નાખુદાએ નાવ ત્યાં લાવી અને ભારે કરી!

હું બધોયે ભેદ પામી જાત 'નાઝિર' એમનો;
પણ ભયાનક મોતે ભડકાવી અને ભારે કરી!

(સંગ્રહિત)

---

1 *ત્યાં વિધિએ વ્હેણ બદલાવી અને ભારે કરી*

## ઇન્સાન આ માયા નગરીમાં, ઈમાનને વેચી નાખે છે

ઇન્સાન આ માયા નગરીમાં ઈમાનને વેચી નાખે છે,
રે ભૂખના માર્યા ભક્તજનો ભગવાનને વેચી નાખે છે.

આવીશ નહીં ઓ અવતારી! ઇન્સાન બનીને ધરતી પર,
આ સ્વાર્થ ભરેલાં સ્નેહીજનો મ્હેમાનને વેચી નાખે છે.

છે દુઃખ તો પારાવાર છતાં, સંતોષ છે થોડાં માનવનો,
શયતાનથી બદતર જીવો છે, શયતાનને વેચી નાખે છે.

ખુદ્દારી જેવું કંઈક હતું 'નાઝિર!', એ ભૂલીને માનવ સૌ,
થોડાક નજીવા લાભ મહીં, અરમાનને વેચી નાખે છે.

◈

કોઈ પણ એવું નથી કે જ્યાં મળે શાતા મને,
તું કહે કે ક્યાં બતાવું જઈને મારા દિલના ડામ.

મારી મૈયત જોઈને લોકોમાં ચર્ચા થાય છે,
મારનારામાં હે મારા રામ! આવ્યું તારું નામ.

## હોય છે

એવા ઘણાંય વિશ્વમાં વિચિત્ર હોય છે,
જાણે અજાણ લિપિ તણાં પત્ર હોય છે.

તારી કલાકૃતિની ભલા વાત શી કરું,
જેને નિહાળું છું બધાં સચિત્ર હોય છે.

ઠંડે કલેજે ઘાવ કરે શત્રુ, શી મજાલ!
વર્તાવ મિત્રના ઘણાં વિચિત્ર હોય છે.

દુઃખો દબાવી નિજના નિવારે છે અન્યના,
'નાઝિર!' હંમેશા એ જ પરમમિત્ર હોય છે.

◈

વહી ગઈ જિંદગી આખી
સમય સઘળો ગયો ખોટો,
નિહાળ્યું દ્રશ્ય,સમજાયું,
જીવન,પાણીનો પરપોટો.

# આવતું નથી

આંખોમાં વસ્યું છે ને નજર આવતું નથી,
આવી રીતે તો કોઈ યે સંતાપતું નથી.

દેણું ઘણું છે, દેતો રહું છું હું સર્વદા,
લેણું કોઈયે તારા વગર આપતું નથી.

સંબંધ કેમ તોડશો મુજને કહો ભલા,
પોતાનું અંગ કોઈ કદી કાપતું નથી.

બળતી હતી ત્યારે તો બધાં તાપતાં હતાં,
બુઝેલી આગને કાં કોઈ તાપતું નથી?

'નાઝિર!' બધુંય આપે છે દુનિયાના લોક પણ,
ખરચેલા શ્વાસ પાછા કોઈ આપતું નથી.

◈

પ્રીતિનો પંથ કોઈ કદી માપતું નથી,
થાયે હતાશ તોય કોઈ થાકતું નથી.

કામણ કરીને જાણે કશું જાણતાં નથી,
આવી રીતે કલેજું કોઈ કાપતું નથી.

(સંગ્રહિત)

## નથી...

જગતમાં કોઈને કોઈનો એતબાર નથી,
હવે કાં માનવીથી માનવીને પ્યાર નથી?

કદમ મિલાવી રહ્યો છું જગતની સાથે હું,
રડી રહ્યો છું છતાં આંખે અશ્રુધાર નથી.

ફરેબ આપવો એ ધર્મ મનાયે છે અહીં,
કોઈના દિલ મહીં સારા કદી વિચાર નથી.

છતાંય જીવી રહ્યો છે કમાલ છે 'નાઝિર!',
બધાં કહે છે કે જીવનમાં કંઈયે સાર નથી.

◈

સિતમ કરે અને કાતિલનો એમાં હાથ નથી!
કહે છે કોણ એ બેદિલનો એમાં હાથ નથી?

પ્રણયનું પારખું લેવા કોણે ભરી'તી સભા?
બધાં કહે છે કે મહેફિલનો એમાં હાથ નથી.

## કંઈક કામ બને...

જો મારા મો'લે પધારો તો કંઈક કામ બને,
વિનંતિ મારી સ્વીકારો તો કંઈક કામ બને.

ખફાની નજરે જુઓ છો તો ક્યાંથી કામ બને,
નયનનું ઝેર ઉતારો તો કંઈક કામ બને.

હું એકલો નહીં શોભી શકું આ આલમમાં,
તમેય થોડું વિચારો તો કંઈક કામ બને.

નિરાંતે બેસો તમે તો બધીયે વાત કરું,
ચરણનો થાક ઉતારો તો કંઈક કામ બને.

અધૂરું કામ બધું રહી જશે આ 'નાઝિર'નું,
વિધિના લેખ સુધારો તો કંઈક કામ બને.

◈

ચંદ્ર છુપ્યો આકાશમાં, થયું અંધારું ઘોર,
શે રીત શોધું સાહ્યબો! આંખ બની કમજોર.

જેનાથી દ્રષ્ટિ હતી એ થયાં નજરથી દૂર,
શે રીત શોધું સાહ્યબો! ગયાં નયનનાં નૂર.

# દિવસ આવ્યાં

હવે સપનાં બધાં સાક્ષાત કરવાના દિવસ આવ્યાં,
નજરથી વાતની શરૂઆત કરવાના દિવસ આવ્યાં.

વસંત આવીને વા થી વાત કરવાના દિવસ આવ્યાં,
કો'પાગલ જેમ સન્નેપાત કરવાના દિવસ આવ્યાં.

હવે ધોળે દિવસ આવી રહ્યાં છે એમના શમણાં,
દિવસ જેવા દિવસને રાત કરવાના દિવસ આવ્યાં.

સહીને ઘાવ શત્રુના થઈ'તી આંખ આ કોરી,
ને એની યાદે અશ્રુપાત કરવાના દિવસ આવ્યાં.

તમે આવ્યા તો આવી હામ આ 'નાઝિર!'ના હૈયામાં,
હવે તો મોતને પણ મા'ત કરવાના દિવસ આવ્યાં.

◈

કોણે મુજને આમ જગાડી?
અમથી અમથી રાત બગાડી;
ઈરખાના એક જ તણખાએ
તન-મન માંહે લાય લગાડી.

## કંઈ ખબર નથી

કરતો'તો કોની વાત મને કંઈ ખબર નથી,
ક્યારે થયું પ્રભાત મને કંઈ ખબર નથી.

આ તો તમે કહ્યું મને ત્યારે ખબર પડી,
કરતો'તો આપઘાત મને કંઈ ખબર નથી.

હું ભોગવી ચૂક્યો છું મને એ જ ખ્યાલ છે,
ક્યાં ગઈ એ કાયનાત મને કંઈ ખબર નથી.

ચાહું છું એટલું કે તદારુપ થાઉં હું,
મારી છે શી વિસાત મને કંઈ ખબર નથી.

'નાઝિર'ને છે ખબર કે અમર તારી જાત છે,
બાકી છે કોની જાત મને કંઈ ખબર નથી.

◈

યૌવન કેરો લાભ લઈ લે,
આ રે જવાની કાલે જવાની;
સોના જેવી તારી કાયા
આખરમાં તો ખાખ થવાની.

# ગજું નથી

પાગલથી કરવો પ્યાર તમારું ગજું નથી,
જીવન થશે ખુવાર, તમારું ગજું નથી.

તજવાં તમારાં દ્વાર તમારું ગજું નથી,
તલવારની છે ધાર, તમારું ગજું નથી.

એ તો અમે તજીને ધરા આવીયે ગગન,
થાવું એ હદની બા'ર તમારું ગજું નથી.

રે'વા દો પક્ષ લેવો અમારો ભલા થઈ,
દુશ્મન થશે હજાર, તમારું ગજું નથી.

'નાઝિર'ની જેમ હસ્તી મિટાવી નહીં શકો,
કરજો નહીં કરાર, તમારું ગજું નથી.

◈

અમારી આપદાઓ જો કળી શકો તો કહું,
વ્યથાઓ,વેદનાઓ સાંભળી શકો તો કહું.
હજાર વાતની બસ એક વાત કહેવી છે,
જીવનમાં એક વખત જો મળી શકો તો કહું.

# જોયા કરે

દિલ લુંટાયે ને નયન જોયા કરે,
હાય આ કેવાં સ્વજન! જોયા કરે.

કેવી મજબૂરી છે આ રખવાળની,
ફૂલ ચૂંટાયે, ચમન જોયા કરે.

હું ન જોઉં કોઈ દિન એનું વદન,
એ સદા મારું વદન જોયા કરે.

કેટલાં છે ભાગ્યશાળી એ નયન,
રાતદિન તારાં સ્વપન જોયા કરે.

આખરે 'નાઝિર'ને વિંટળાઈ વળ્યું,
દુર્દશા ક્યાં લગ કફન જોયા કરે.

પ્રેમનો પ્રસ્તાવ મૂકીને પછી,
એ અવિરત મારું મન જોયા કરે.

(સંગ્રહિત)

## રીતથી

ત્રાસી ગયો છું હું હવે દુનિયાની રીતથી,
ચૂસે છે મારું હીર એ બહુ પાંખી પ્રીતથી.

તુજને ગમે, ગમેય નહીં મારી બંદગી,
હું તો નમન કરીશ તને મારી રીતથી.

આશય છે મારો એ જ, તારી સાથે ખેલવું;
મતલબ નથી રમતમાં મને હાર-જીતથી.

'નાઝિર' તમારી મ્હેફિલે આવીને શું કરે,
મન કોળતું નથી જ્યાં કોઈ વાત-ચીતથી.

◈

માનેલ મનનાં મીત છે એને ક્યાં શોધવાં?
જેનાથી દિલને પ્રીત છે એને ક્યાં શોધવાં?
જઈએ જો ગોતવા તો મળે ના એ ક્યાંય પણ,
જુદી જ જેની રીત છે એને ક્યાં શોધવાં?

## તમારા ગયા પછી

જીવન બન્યું ઉદાસ તમારા ગયા પછી,
પૂનમ બની અમાસ તમારા ગયા પછી.

આવ્યાં તમે તો અંતરે અજવાળાં થઈ ગયાં,
આછો રહ્યો ઉજાસ તમારા ગયા પછી.

જાણે બિરાજમાન તમે છો હજુ અહીં,
થાયે છે એવો ભાસ તમારા ગયા પછી.

એવું તે કોણ હોય અભાગીને સાથ દે,
ચાલ્યાં જ નહીં શ્વાસ તમારા ગયા પછી.

'નાઝિર'ની સાથે શું શું કરી ગુફ્તેગૂ તમે,
ચાલે છે એ તપાસ તમારા ગયા પછી.

◈

વાત તારી મનની મનમાં રહી જશે,
જિંદગાની હાથતાળી દઈ જશે.
રૂપ, જોબન ચાર દિન મહેમાન છે,
ધૂળ આખર ધૂળભેળી થઈ જશે.

## ન્યારાં

વિયોગીને રટણાનાં રસપાન ન્યારાં,
મિલનના એ રીતે છે સંધાન ન્યારાં.

નજર સામે જાણે કે ઊભું હો કોઈ,
જીગર જાણે કરતું હો સન્માન ન્યારાં.

અલૌકિક કો' યાદોની આંધી ઊઠે છે,
ને અંતરમાં જાગે છે તોફાન ન્યારાં.

અતિત કેરી જાણે ધખેલી હો ધૂણી,
દરદના દિલે તે દીધાં દાન ન્યારાં.

નિખાલસ છે જેવાં, છે એવાં જ કપટી;
અમારાય 'નાઝિર' છે શ્રીમાન ન્યારાં.

◈

કાલ કેરો ખ્યાલ છોડી દે મૂરખ!
આજની કર, કાલ કોણે જોઈ છે?
કાલ એ તો વાસ્તવિકમાં આજ છે,
કાલને જોનાર બોલો, કોઈ છે?

## માયાવી તમાશો

આમ તો હું છું ચિરંજીવ, આમ હું પળવાર છું,
કોણ અપનાવે મને, હું ખોટનો વ્યાપાર છું.

એકદિન તો હું નિરાકારી થવાનો છું જરૂર,
મન ભરીને જોઈ લેજો, સત્ય છું, સાકાર છું.

વિશ્વકર્માએ ઘડ્યો છે ઘાટ આ કાયા તણો,
દેવને દુર્લભ છે એ માટી તણો અંબાર છું.

સમજીને શાતા મને અડશો નહીં, દાઝી જશો,
હું જુદી રીતે છુપાયેલો હીમમાં અંગાર છું.

એક માયાવી તમાશો છે અય 'નાઝિર!' આ જગત,
હું જ એનું પાત્ર છું ને હું જ એ જોનાર છું.

◈

કશું હતું નહિ ને એમણે ધમાલ કરી,
તમોને લાગતું નથી કે આ કમાલ કરી!
ઘણાય આવા પડ્યા છે જગતમાં ઝેરીલા,
સદાય જેમણે દુનિયાને પાયમાલ કરી.

## ચાલે છે

ઘૂંટાઈ કેમ આજ મારા શ્વાસ ચાલે છે?[1]
જરૂર કંઈક છે જેના પ્રયાસ ચાલે છે.

ઉભયનો એવી રીતે વારા ફરતી વારો છે,
પૂનમ જો સ્થાયી રહે છે, અમાસ ચાલે છે.

નિરાંતે જંપવા દેતાં નથી આ પગલાંઓ,
જરૂર કોઈ મારી આસપાસ ચાલે છે.

હું એમ પણ ભલા પહોંચી શકું છું મંઝિલ પર,
હજુ જ્યાં ખ્યાલ કરું છું, પ્રવાસ ચાલે છે.

નિરસ આ કેમ પ્રકૃતિ બધીયે લાગે છે?
જરૂર આજે એ 'નાઝિર!' ઉદાસ ચાલે છે.

નજીકમાં જ અહીં ક્યાંક એનું સ્થાન હશે,
ભલા! કાં આજ ઘૂંટાઈને શ્વાસ ચાલે છે?

સૂનાં સદન-૪૮

---

*1 સતત આ કેમ ભલા! મારા શ્વાસ ચાલે છે! (સૂનાં સદન-૪૮)*

## આગ ભારીને

બહુ કીધી દયા આજે તમે દ્વારે પધારીને,
જીવન પાવન કરી દીધું આ પાપીને ઉગારીને.

હવે ડગલું તમે ભરજો બહુ સમજી વિચારીને,
કોઈ રીતે સમય પાછો નહીં ફરશે સિધારીને.

ફરેબી છે જગત આખું સદાયે ચેતતા રે'જો,
અહીં ભ્રમણામાં નાંખે ભીલડી ખુદ ગંગધારીને.

તમે આવી રીતે આવો, નહીં જ્યોતિસ્વરૂપ દિલમાં,
નહીં જીવી શકે કોઈ હૃદયમાં આગ ભારીને.

રમતમાં ને રમતમાં દિલ જીતી લીધું છે દિલબરનું,
તને કોણે કહ્યું કે જાઉં છું હું દાવ હારીને?

ઘણા એવાય છે જેને નથી પરવા જમાનાની,
જીવે છે જે વિધિના લેખ ઉપર મેખ મારીને.

તમારા નામની સાથે જ છેલ્લો શ્વાસ છોડીને,
આ ચાલ્યો જાય છે 'નાઝિર' મરણ એનું સુધારીને.

◈

સામ્યવાદી છું ભલા, મારે શો હોયે પક્ષપાત?
બેઉ છે મારે બરાબર, રાત હો કે હો પ્રભાત.

# ફૂલ વેરાયાં

ખબર પણ ના રહી કેવા પ્રકારે ફૂલ વેરાયાં?
કે કોની યાદ આવી ગઈ ને ક્યારે ફૂલ વેરાયાં?

સમય કેરા ફક્ત એક જ પ્રહારે ફૂલ વેરાયાં,
હતી સાંજે બહારો ને સવારે ફૂલ વેરાયાં.

આ કાંટા તોડનારાને ખબર પણ ના રહી એની,
કે એના હાથે કાંટાથી વધારે ફૂલ વેરાયાં.

તમારા અશ્રુઓથી દિલ-જિગર તૂટી ગયા મારાં,
તમોને ક્યાં ખબર એની તુષારે ફૂલ વેરાયાં?

તમારા શબ્દ સાંભળવા મળ્યા એ રીતે સપનામાં,
મને લાગ્યું કે જાણે અંધકારે ફૂલ વેરાયાં.

તમે સારું કદી વાંછ્યું નહીં મુજ જિંદગાનીનું,
પછી મારા મઝારે કયા વિચારે ફૂલ વેરાયાં?

તમારા આગમન કરતાં વધારે એ ખુશાલી છે,
કે પ્હેલી વાર આ 'નાઝિર'ના દ્વારે ફૂલ વેરાયાં.

◈

જાણે મરી-મરીને વિતાવી દીધો દિવસ,
દુર્લભ થયા જ્યાં એમના દીદાર એક દિન.

## શું કરશો?

બળેલો છું હવે મુજને વધુ બાળીને શું કરશો?
રહ્યો ના અર્ક કંઈ બાકી, જીવન ગાળીને શું કરશો?

તમન્ના કંઈ નથી મુજને હવે આ દીન-દુનિયાની,
જીવનની આપદા મારી હવે ટાળીને શું કરશો?

અમે માન્યું બીજાને તો તમે શિક્ષાય કરવાના,
ઉજાડે બાગ ખુદ માળી તો એ માળીને શું કરશો?

પતંગાએ પ્રતિજ્ઞા લઈ લીધી છે વિરહે બળવાની,
તમે નાહક શમા જીવનની પ્રજવાળીને શું કરશો?

પુરાણી પ્રીત તોડીને ઊડી જાશે એ પળભરમાં,
પછી ખોટાં વચન એનાં તમે પાળીને શું કરશો?

જીવનમાંથી ઉમંગો, આશ, અરમાનો ગયાં 'નાઝિર!',
હવે પુષ્પો વગરની એકલી ડાળીને શું કરશો?

◈

આવો, અહીંયા બેસો, કરીએ બધો ખુલાસો,
ક્યાં-ક્યાં દિવસ ગુજાર્યા, કરતા ક્યાં રાતવાસો?
થોડો સમય હજુ છે, સમજી શકો તો સારું,
નહિતર જગતમાં કોઈ દેશે નહીં દિલાસો.

(સંગ્રહિત)

# નિમંત્રણ

તમે ગમગીન થઈ જાશો, ન મારા ગમ સુધી આવો,
ભલા થઈ ના તમે આ જીવના જોખમ સુધી આવો.

તો આપોઆપ બદલાઈ જશે રંગત જમાનાની,
જરા પડદો ખસેડીને તમે આલમ સુધી આવો.

ભલે ઝાકળ સમી છે જિંદગી પણ લીન થઈ જાશું,
સૂરજ કેરાં કિરણ થઈને જરા શબનમ સુધી આવો.

તમો પોતે જ અણધારી મૂકી'તી દોટ કાંટા પર,
કહ્યું'તું ક્યાં તમોને ફૂલની ફોરમ સુધી આવો?

લગારે ફેર ના પડશે અમારી પ્રીતમાં જોજો,
ગમે ત્યારે, ગમે ત્યાં જિંદગીના દમ સુધી આવો.

નિછાવર થઈ ગયા છે જે તમારી જાત પર 'નાઝિર!',
હવે કુરબાન થાવા કાજ એ આદમ સુધી આવો.

◈

પ્રીત શું છે એ વળગતી વેલને પૂછી જુઓ,
મોરનાં આંસુની કિંમત ઢેલને પૂછી જુઓ.

# મંજૂર નથી

શા હાલ થયા છે પ્રેમીના, કહેવાની કશી ય જરૂર નથી,
આ હાલ તમારા કહી દેશે, કાં સેંથીમાં સિંદૂર નથી?

હું હાથને મારા ફેલાવું તો તારી ખુદાઈ દૂર નથી,
હું માગું ને તું આપી દે એ વાત મને મંજૂર નથી.

તુજ જુલ્મો-સિતમની વાત સુણી દીધા છે દિલાસા દુનિયાએ,
હું ક્રૂર જગતને સમજ્યો'તો પણ તારી જેવું ક્રૂર નથી.

આ આંખ ઉઘાડી હોય છતાં પામે જ નહીં દર્શન તારાં,
એ હોય ન હોય બરાબર છે, બેનૂર છે એમાં નૂર નથી.

જે દિલમાં દયાને સ્થાન નથી ત્યાં વાત ન કર ખોલીને,
એ પાણી વિનાના સાગરની 'નાઝિર'ને કશી ય જરૂર નથી.